# ખંભાતમાં હિંસક અથડામણમાં એકનું મોત

## સામ સામે પથ્થરમારો : આગ ચાંપવાના બનાવ : પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસને ૨૫થી વધુ ટીયરગેસના શેલ છોડાયા : તોફાની તત્વો સામે કાર્યવાહી

અમદાવાદ, તા.૨૪
આણંદ જિલ્લાના ખંભાતના અકબરપુરામાં બે જૂથ સામ સામે આવી જતાં જોરદાર પથ્થરમારાની શરૂઆત થઈ હતી. સાથે સાથે આ ઘટનાએ ખતરનાક સ્વરુપ ધારણ કર્યું હતું. બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસા દરમિયાન પથ્થરમારાની સાથે સાથે ફાયરિંગની ઘટના પણ બની હતી. ફાયરિંગની આ ઘટનામાં એકનું મોત થયું હતું. ગોળીબાર કરનારને લઈને હજુ સુધી કોઈ માહિતી મળી રહી નથી. હિંસા દરમિયાન એકના મોતથી ખળભળાટ મચી ગયો છે. સાથે સાથે હિંસા દરમિયાન પોલીસને ૨૫થી વધુ ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. ઘરમાં આગ ચાંપવાની ઘટના પણ બની હતી. સ્થિતિને કાબૂમાં લેવા માટે તરત જ મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. કેટલાક તત્વોની ઉશ્કેરણીથી આ હિંસાની શરૂઆત થઈ હતી. કોમ્બિંગ અને પેટ્રોલિંગની પ્રક્રિયા હિંસા બાદ તીવ્ર કરવામાં આવી હતી. ટોપના અધિકારીઓનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. બપોરના સમયે બે જૂથ વચ્ચે સામાન્ય બાબતે અથડામણ સર્જાઈ હતી. તકરાર થતા બંને જૂથ સામે આવી ગયા હતા અને એકબીજા પર જોરદાર રીતે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેને લઈ સમગ્ર વિસ્તારમાં વાતાવરણ તંગ બની ગયુ હતુ અને સ્થાનિક લોકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. બીજીબાજુ, ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પરંતુ પોલીસની હાજરીમાં પણ તોફાની તત્વોએ એકબીજાના ઘર પર પથ્થરમારો ચાલું રાખ્યો હતો. ટોળાએ કેટલાક ઘરમાં આગ પણ લગાવી દીધી હતી. બસ સ્ટેન્ડ પાસે થયેલા ફાયરીંગમાં એક આધેડનું મોત નીપજતાં વાત વણસી હતી, તો સમગ્ર હિંસામાં દસ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. વાતાવરણ ડહોળાતાં સ્થાનિક પોલીસ સહિતનો મોટો પોલીસ કાફલો અકબરપુરા પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. જો કે, પોલીસ સુરક્ષા વધારી દઈ સમગ્ર ખંભાતમાં પેટ્રોલીંગ અસરકારક બનાવી દેવાયું હતું. આણંદ જિલ્લાના ખંભાતના અકબરપુરામાં આજે બપોરે નજીવી બાબતમાં બે જૂથ વચ્ચે વાતાવરણ ડહોળાયુ હતુ અને બંને જૂથ દ્વારા એકબીજા પર જોરદાર રીતે પથ્થરમારો શરૂ કરવામાં આવ્યો હતો, જેને લઈ સમગ્ર વિસ્તારમાં વાતાવરણ તંગ બની ગયુ હતુ. બંને જૂથના તોફાની તત્વો દ્વારા સતત પથ્થરમારો કરવાની સાથે સાથે કેટલાક વાહનોમાં આગચંપી પણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ત્યાં તાત્કાલિક દોડી આવી હતી. જો કે, બંને જૂથના લોકો એટલી હદે ઉશ્કેરાયેલા અને આવેશમાં હતા કે, પોલીસની હાજરીમાં જ બંને જૂથના લોકોએ એકબીજા પર પથ્થરમારો ચાલુ રાખ્યો હતો. બસ સ્ટેન્ડ પાસે ફાયરીંગમાં એક આધેડનું મોત નીપજયુ હતુ, તો સમગ્ર હિંસામાં દસ જેટલા લોકોને ઈજા પહોંચી હતી, જેને લઈ સ્થાનિક લોકોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. પોલીસે ભારે જહેમત બાદ બંને જૂથના લોકોને શાંત પાડી પરિસ્થિતિ થાળે પાડી હતી. જો કે, પથ્થરમારા અને આગચંપીના બનાવોને લઈ ખંભાત પંથકમાં વાતાવરણ તંગદિલીભર્યુ બની ગયુ હતું. જેના કારણે પોલીસે તાત્કાલિક ધોરણે અહીં સુરક્ષા વ્યવસ્થા વધુ લોખંડી બનાવી વધારાનો બંદોબસ્ત તૈનાત કરી દીધો હતો. પોલીસે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે સમગ્ર પંથકમાં પેટ્રોલીંગ સઘન બનાવી દીધુ હતું. શુક્રવારે જુમ્માની નમાઝના સમયે જ બે જૂથ આમને સામને આવ્યા હતા. અકબરપુરા વિસ્તારની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. પતંગના જુના ઝગડામાં મામલો બિચક્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ગોળીબારની ઘટનાને લઈને પણ વિરોધાભાષી અહેવાલ આવી રહ્યા છે. ગોળીબાર પોલીસ તરફથી થયો કે પછી ખાનગીરીતે કરાયો તેને લઈને માહિતી મળી શકી નથી. સામ સામે હિંસા થયા બાદ દુકાનો અને વેપારી પેઢીઓ ઝડપથી બંધ થવા લાગી હતી. રસ્તાઓ પણ સુમસામ બની ગયા હતા. તમામ ટોચના અધિકારીઓએ ઘટનાની નોંધ લીધી હતી.

# મધુ શ્રીવાસ્તવે પત્રકારોને ગાળો બોલી કેમેરા ખેંચ્યા

### મહેસુલ મંત્રી કૌશિક પટેલ તેમજ અધિકારીઓથી નારાજ મધુ શ્રીવાસ્તવ પત્રકારો ઉપર ભડક્યા : નવેસરથી વિવાદ

અમદાવાદ, તા.૨૪
વડોદરાના વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ સરકારના મહેસૂલ મંત્રી કૌશિક પટેલની કામગીરીથી નારાજ થયા છે. આ મુદ્દે મીડિયાકર્મીઓએ સવાલ પૂછતા ભાજપના મધુ શ્રીવાસ્તવ મીડિયા કર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા અને ધક્કો મારીને હુમલાનો પ્રયાસ કર્યો હતો. એક તબક્કે મધુ શ્રીવાસ્તવે પોતાની જાત પરનો સંયમ ખોઈનો પત્રકારોને અપશબ્દો-ગંદી ગાળો દઈ કેમેરા ખેંચ્યા હતા. જેને પગલે બહુ ગંભીર વિવાદ સર્જાયો છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા શહેરના વાડી વિસ્તારમાં આવેલા મહાદેવ તળાવમાં હનુમાનજી મંદિરના કામ માટે પાલિકા અને કલેક્ટરે મંજૂરી આપ્યા બાદ મહેસૂલ વિભાગમાં ફાઈલ અટવાઈ જતા મધુ શ્રીવાસ્તવ નારાજ થયા છે, ત્યારબાદ મીડિયાકર્મીઓએ તેમના પર સવાલોનો મારો કરતા તેઓ મીડિયાકર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા.

મધુ શ્રીવાસ્તવે પોતાની જાત પરનો સંયમ ખોઈને પત્રકારોને અપશબ્દો-ગંદી ગાળો દઈ કેમેરા ખેંચ્યા હતા. કોંગ્રેસે હનુમાન મંદિર ગેરકાયદે બનવુ હોવા અંગેનો સવાલ ઉઠાવ્યો હતો. આ સવાલ મીડિયા કર્મીઓએ મધુ શ્રીવાસ્તવને કરતા તેઓએ મીડિયાકર્મીઓ સાથે ગાળાગાળી કરી હતી. આ પહેલા મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મહાદેવ તળાવમાં હનુમાનજીના મંદિરની કોઈ મેટર કોર્ટમાં નથી. કૌશિકભાઈએ મંજૂરી આપી દેવી જોઈએ. બધા અધિકારીઓ ખોટા છે અને અધિકારીઓ કૌશિકભાઈને ઉંધા માર્ગે લઈ જઈ રહ્યા છે અને હું જીવુ છુ ત્યાં સુધી હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરીશ. પહેલેથી પોતાના ખરાબ વ્યવહારને કારણે જાણીતા આ ધારાસભ્ય સામે ખુદ ભાજપ પક્ષ પણ કાર્યવાહી કરવામાં નિષ્ફળ નીવડ્યું છે. ત્યારે એક પ્રજાના સંસ્કારોની વાત કરતી ભાજપ સરકાર દ્વારા કેમ આ નેતા ઉપર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નથી આવતી. શું ધારાસભ્ય છે એટલે કાંઈપણ બોલવાનો હક મળી જાય છે?



**ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં નેશનલ ગર્લ ચાઈલ્ડ-ડેની ઉજવણી**

ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં નેશનલ ગર્લ ચાઈલ્ડ-ડે નિમિત્તે ઉજવણી યોજાઈ હતી. ૩૬૦ છોકરીઓ હાજર રહી હતી. ૧૦ થી ૧૯ વર્ષની છોકરીઓની પર્સનલ હાઈજીન nutrition માનસિક સબંધી, આર.ટી.આઈ., એચ.આઈ.વી. વિશે ભાવનાત્મક, સામાજીક ફેરફાર, મેન્ટલ હેલ્થ વિશે વિસ્તૃત જાણકારી ડૉ.એ.કે. ચૌધરી, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, મુનાઈ મેડીકલ ઓફીસર ધ્વારા છોકરીઓને અપાઈ હતી. છોકરીઓનું વજન, ઉંચાઈ અને આરોગ્ય ચેકઅપ કરાયું હતું. ખામીવાળી છોકરીઓને ડૉક્ટર ધ્વારા સારવાર અપાઈ હતી.

# યુનોની સંસ્થામાં પહેલીવાર ગાંધીજીની પ્રતિમા મુકાશે

ગાંધીનગર, તા. ૨૪
દાવોસ (સ્વિટ્ઝર્લેન્ડ) ખાતે ચાલી રહેલ ૫૦મી વાર્ષિક 'વર્લ્ડ ઈકોનોમીક ફોરમ'ની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહેલા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ IMOના સેક્રેટરી જનરલ કીટક લીમ સાથે મુલાકાત દરમિયાન પૂજ્ય મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતીની ઉજવણીની માહિતી આપી હતી તથા IMO કે જે યુનોની મેરિટાઈમ સેક્ટરની સર્વોચ્ચ સંસ્થા છે, તેમાં ગાંધીજીની પ્રતિમા મુકવા રજૂઆત કરેલ હતી. જેને IMOનાં સેક્રેટરી જનરલ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. આ અનુસંધાને આગામી દિવસોમાં IMOના હેડક્વાટર લંડન ખાતે પૂજય ગાંધીજીની પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવશે.

IMOએ સંયુક્ત રાષ્ટ્રની વિશેષ સંસ્થા તરીકે આંતરરાષ્ટ્રિય શિપિંગની સલામતી, સુરક્ષા અને પર્યાવરણીય સુરક્ષા માટે વૈશ્વિક માનક-નિર્ધારિત કરતી સંસ્થા છે. તેની મુખ્ય ભુમિકા શિપિંગ ઉદ્યોગ માટે એક નિયમનકારી માળખુ બનાવવાની છે જે ન્યાયી અને અસરકારક છે, વૈશ્વિકરૂપે અપનાવવામાં અને લાગુ કરવામાં આવે છે.

# આજે ૨૫મી જાન્યુઆરીએ હિંમતનગર ખાતે ટાઉનહોલમાં "મતદાતા દિન" ઉજવાશે

હિંમતનગર, તા. ૨૪
ભારત સરકારના ચુંટણીપંચ દ્વારા સમગ્ર દેશમાં ૨૫મી જાન્યુઆરીએ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ઉજવવામાં આવે છે. આ સંદર્ભમાં સમગ્ર રાજયમાં અને જિલ્લાઓમાં જન જાગૃતિ માટે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવે છે. મતદાનનું મહત્વ અને મૂલ્ય લોકોને સમજાવવામાં આવે છે. વહીવટી તંત્ર દ્વારા એક પણ નાગરીક મતદાન વિના રહી ન જાય તેની દરકાર કરે છે. નાગરીકોને મતદાન અંગે સમયાંતરે સમજણ અને શપથ લેવડાવવામાં આવે છે. લોકશાહી પ્રણાલીમાં મતદારનુ મહત્વ ભારતના ભાવિ નિર્માણ માટે મહત્વનું અને અસરકારક નિર્ણાયક પરીબળ છે.

આ સંદર્ભમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાબરકાંઠા દ્વારા તા ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૧ કલાકે નલિનકાન્ત ગાંધી ટાઉનહોલ, હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાનો "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ઉજવાશે. જેમાં પ્રબુધ્ધ નાગરીકો અને જિલ્લાના અગ્રણીઓ, મીડીયાકર્મીઓ, જિલ્લાના અધિકારીઓ તથા આમ જનતા ઉપસ્થિત રહી શકશે. આ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં સહભાગી થવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# મહેસાણા જિલ્લાની ઊંઝા એ.પી.એમ.સી ખાતે નેશનલ ચાઈલ્ડ ડે જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી

મહેસાણા, તા. ૨૪
ભારત સરકાર દ્વારા દર ૨૪ જાન્યુઆરીએ નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવણી કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે રાજ્ય સરકાર તેમજ જિલ્લા વહીવટીતંત્ર મહેસાણાના સંયુક્ત ઉપક્રમે નેશનલ ચાઈલ્ડ ગર્લ ડેની ઉજવણી કરવામાં આવી હતી.



નેશનલ ચાઈલ્ડ ડે અંતર્ગત સાંસદશ્રી જુગલજી ઠાકોરે જણાવ્યું હતું કે સરકાર દ્વારા મહિલા સશકિતકરણ અને બાળકીઓ માટે અનેક યોજનાઓ દાખલ કરાઈ છે. સરકારશ્રીના સામાજિક અભિયાનમાં સૌ સાથે મળીને બેટી બચાવો-બેટી વધાવો અભિયાનને આગળ વધારવા અપીલ કરી હતી.

ધારાસભ્ય ડો.આશાબેન પટેલે જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ માટે સમાજમાં જાગૃતિ જરૂરી છે. દરેક સમાજે મહિલાઓનું સન્માન થાય તે પ્રકારના પ્રાત્સાહક પગલાં લેવા જરૂરી છે. તેમણે ઉપસ્થિત મહિલાઓને સાથે મળીને સખીભાવ કેળવવા અપીલ કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ જણાવ્યું હતું કે સામુહિક, સાર્વત્રિક, સાતત્યપુર્ણ અને સર્વાંગિ વિકાસ માટે મહિલાઓનું સન્માન અને સશક્તિકરણ જરૂરી છે. રાજ્ય સરકારના જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન અંતર્ગત સામાજિક પરિવર્તન આવી રહ્યું છે.



**રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી યોજાઈ**

રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી. અરવલ્લી જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, મોડાસા, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી, કિશનગઢ મેડીકલ ઓફીસરના માર્ગદર્શન હેઠળ ભિલોડા તાલુકાના સપ્તધારા સાધક સંજયકુમાર બારોટના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી અંતર્ગત હાલરડું ગાઈને કાર્યક્રમની શુભ શરૂઆત કરાઈ હતી. દિકરી બચાવો, દિકરી ભણાવો, દિકરી વધાવો, ભ્રૂણ હત્યા અટકાવો વિશે સપ્તધારાના સંગીત સાધક કિરણબેન રાવલએ સંગીતની શુરાવલી સાથે ગીત ધ્વારા દિકરીઓનું વિશેષ સન્માન કર્યું હતું.

# ફુજીફિલ્મે ૭૩મા વાર્ષિક આઈઆરઆઈએ કોન્ફરન્સ ૨૦૨૦માં નવાં તબીબી ઉપકરણો પ્રદર્શિત કર્યા

ગાંધીનગર, તા. ૨૩
આરોગ્ય સંભાળ ઉદ્યોગમાં આગેવાનમાંથી એક ફુજીફિલ્મ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ઈન્ડિયન રેડિયોલોજિકલ એન્ડ ઈમેજિંગ એસોસિયેશન (આઈઆરઆઈએ)ની ૭૩મી રાષ્ટ્રીય પરિષદ ખાતે તેની નવી તબીબી પ્રણાલીઓ આજે પ્રદર્શિત કરશે. ત્રણ દિવસની આ પરિષદ ૨૩મીથી ૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ સુધી એમએમસીસી, ગાંધીનગરમાં યોજાઈ છે. આ કાર્યક્રમના ભાગરૂપે ફુજીફિલ્મ તેનાં નવાં તબીબી ઉપકરણો પ્રદર્શિત કરશે, જેમાં એફડીઆર-માર્ટ એફ, એફડીઆર-ડી-ઈવો ૨, એફડીઆર-એસઈ લાઈટ, એફસીઆર-પ્રાઈમા ટી, ફુલ ફિલ્ડ ડિજિટલ મેમોગ્રાફી (એફએફડીએમ)-એમ્યુલેટ ઈનોવેલિટી એન્ડ સિનેપ્સ પીસીએસનો સમાવેશ થાય છે.

મેડિકલ ઈન્ફોર્મેટિક્સમાં કંપની સિનેપ્સ-પીએસીએસ, આરઆઈએસ અને મોબિલિટી નિવારણો પ્રદર્શિત કરશે, જે રેડિયોલોજી વિભાગોમાં સુધારિત કાર્યપ્રવાહ કાર્યક્ષમતા અને રિપોર્ટિંગની ગુણવત્તા પુરી પાડશે. ૧૯૯૯થી સિનેપ્સ ડાયગ્નોસ્ટિક ઈમેજ મેનેજમેન્ટ, આધુનિક વિઝ્યુઅલાઈઝેશન, એન્ટરપ્રાઈઝ ઈમેજિંગ કાર્યપ્રવાહ અને શેર્ડ ઈન્ફોર્મેટિક્સ આર્કિટેક્ચરમાં એકધારી નાવીનીન્યતા સાથે આરોગ્યસંભાળ સંસ્થાઓમાં પરિવર્તન લાવશે.

આઈઆરઆઈએ ૨૦૨૦ સાથે સહયોગ પર બોલતાં ફુજીફિલ્મ ઈન્ડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર હારુતો ઈવાતાએ જણાવ્યું હતું કે આજની આરોગ્ય સંભાળ કંપનીઓ આરોગ્ય સંભાળની ગુણવત્તા સુધારવા માટે સંપૂર્ણ કેન્દ્રિત છે અને ફુજીફિલ્મમાં અમે સૈદ્ધાંતિક રીતે ઉદ્યોગની જરૂરતોને ધ્યાનમાં રાખીને આધુનિક ઈમેજિંગ વ્યૂહરચનાઓ લાવવા માટે વચનબદ્ધ છે.

ફુજીફિલ્મમાં અમે મુખ્યત્વે સ્તન કેન્સરનું વહેલું નિદાન, અંતિમ ટીબી કાર્યક્રમ, ફેફસાના કેન્સરનું વહેવું નિદાન અને કોલોન કેન્સર અત્યાધુનિક પ્રોડક્ટો, જેમ કે ફુલ ફિલ્ડ ડિજિટલ મેમોગ્રાફી, એફસીઆર અને એફડીઆર સિસ્ટમ્સ, એન્ડોસ્કોપી સિસ્ટમ્સ પર કેન્દ્રિત છીએ. અમે સ્તન કેન્સર, ટ્યુબરક્યુલોસિસ અને ફેફસાના કેન્સરના ઝડપી અને ગુણવત્તાયુક્ત નિદાન માટે ડિજિટાઈગેશન ટેલી રેડિયોલોજી અને એઆઈ પર પણ કેન્દ્રિત છીએ.

## હાહાકાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
એક હોસ્પિટલના અલગ વોર્ડમાં તેમને રાખવામાં આવ્યા છે. ચીનમાં કરોના વાયરસથી ગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. કેટલાકના મોત થઈ ચુક્યા છે. મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ૧૯મી જાન્યુઆરીથી હજારો યાત્રીઓ પર વાયરસ ઈન્ફેક્શનની તપાસ થઈ ચુકી છે. સાઉદી અરબમાં એક ભારતીય નર્સની ચકાસણી કરવામાં આવી હતી. જો કે કરોના વાયરસથી તે ગ્રસ્ત નહીં હોવાની માહિતી મળી છે. વુહાનમાં અટવાયેલા ૨૫ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ કેરળના હોવાની માહિતી મળી છે. જેના કારણે ચિંતાનુ મોજુ પરિવારના સભ્યોમાં ફેલાઈ ગયુ છે. ચીનના વુહાન ખાતેથી શરૂ થયા બાદ આ વાયરસની અસર દુનિયાભરમાં જોવા મળી રહી છે. ચીન સ્થિત ભારતીય દુતાવાસ દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવી ચુક્યા છે. ચીનમાંથી પરત ફરી રહેલા ભારતીયોની પણ દેશના જુદા જુદા એરપોર્ટ પર ચકાસણી કરવામાં આવી રહી છે. મુંબઈ પરત ફરેલા લોકો પૈકી બેમાં કેટલાક લક્ષણ દેખાયા હતા. જો કે તપાસ કરવામાં આવ્યા બાદ કરોના વાયરસ ન હોવાનો ખુલાસો થયો હતો. સાઉદી અરબમા ૧૦૦ ભારતીય નર્સની ચકાસણી કરવામાં આવી રહી છે. ભારત સરકારે કહ્યુ છે કે સાઉદી અરબમાં રહેલી કેરળની નર્સના ટેસ્ટ કરવામાં આવ્યા છે. હાલમાં કરોના વાયરસે જોરદાર આંતક મચાવી દીધો છે. અમેરિકાના નેશનલ ઈન્સ્ટીયુટ ઓફ હેલ્થના અધિકારીઓ દ્વારા બુધવારના દિવસે કહેવામાં આવ્યુ હતુ કે કરોના વાયરસના કારણે આ બિમારી ફેલાઈ રહી છે. વાયરલ નિમોનિયાની આ બિમારીની સામે લડવા માટે નવી વેક્સીન તૈયાર કરવામાં આવી રહી છે.

## અન્ન લઈશ નહીં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
પર લટકાવી દેવા માટે ડેથ વોરંટ જારી કરવામાં આવી ચુક્યું છે. તેમને પહેલી ફેબ્રુઆરીના દિવસે ફાંસી પર લટકાવવામાં આવનાર છે. ચારેયને ફાંસી પર લટકાવવા માટેની તારીખ પહેલી ફેબ્રુઆરી સવારે ૬ વાગે નક્કી કરવામાં આવી છે. ફાંસી આપનાર જલ્લાદને ૩૦મી જાન્યુઆરીના દિવસે બોલાવવામાં આવી રહ્યો છે. મુકેશ ઉપરાંત અન્ય ત્રણ પૈકી કોઈએ પણ દયાની અરજી કરવાની પ્રક્રિયા હાથ ધરશે તો ફરી એકવાર તારીખ આગળ વધી શકે છે.

## કોંક્રીટ બેઈઝ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
ડિઝાઈન મંજુર કરી દેવાયા બાદ આગળ અન્ડર પાસનુ મુળ કામ હાથ ધરાશે. થલતેજની પેટર્ન મુજબ અન્ડર પાસ તૈયાર કરાશે અલબત્ત ૧૬૩ મીટરના આ અંડરપાસના ઉપરના ભાગે સ્વર્ણિમ પાર્કની ડીઝાઈન પણ એક સરખી રાખવામાં આવશે ગ-૪ થી ચ-૪ સુધી ઉદ્યાનનો એકસરખો સિનારીયો જોવા મળશે. હયાત બગીચાને ધ્યાનમાં રાખીને બાકીના પાર્કની ડીઝાઈન પણ તૈયાર કરવામાં આવી રહી છે. અન્ડરપાસને અનુલક્ષી તબક્કાવારા કામગીરી હાથ ધરવામાં આવશે. ડિઝાઈન સર્કલ કક્ષાએથી અન્ડરપાસની ડીઝાનને આખરી કરી દેવાયા બાદ આગળનુ કામ ઝડપથી હાથ ધરાશે. હાલ આ વિસ્તારમાં ખોદકામ ચાલી રહ્યુ છે. જો કે ખોદકામના અંતે આ વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલા મોટામસ ગાબડાને અનુલક્ષી ફરતા વિસ્તારમાં સુરક્ષાના ભાગરૂપે લાઈટીંગ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી હાલ સ્થિત સ્વર્ણિમ પાર્કના લેન્ડ સ્કેપીંગ , હરિયાળી તેમજ પેવર બ્લોકને પણ નુકશાન થતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## ઢોરનો ત્રાસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
સમસ્યાનુ નિરાકરણ લાવવા મથી રહ્યા છે.

શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં ડગલે ને પગલે દુવિધાઓ વેઠતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરના સેકટરોમાં થોકબંધ સમસ્યાઓ હજુ યથાવત છે જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં આમ નાગરિકોની સલામતી સામે મોટો પ્રશ્ન સર્જાયો છે. માળખાગત સુવિધાના કામો આયોજનમાં હોવાથી આગામી દિવસોમાં આ સમસ્યા હલ થશે તેવી આશા આમ નાગરિકોમાં પ્રબળ બની છે. પાણી ગટરના પ્રોજેકટનુ કામ પણ સ્માર્ટ સીટી અંતર્ગત હાથ ધરવાનુ આયોજન હોવાથી છાશવારે ઉભરાતી ગટરો અને પાણી ફોર્સથી નહીં આવતુ હોવાની ફરિયાદો પણ દુર થશે તેમ સ્થાનિકો માની રહ્યા છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોર અને બેફામ દોડતા વાહનોના લીધે પણ સેકટરવાસીઓની સલામતી જોખમમાં મુકાઈ છે. જયારે સે-૧૩ સી માં પણ આવી જ સ્થિતિ છે. સેકટરવાસીઓ આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરી થાકી ગયા છે. જેને અનુલક્ષી કેટલાક ઠેકાણે સ્થાનિકો દ્વારા સ્વેચ્છાએ ફેન્સીંગ કરી રખડતા ઢોર તેમજ બેફામ બનતા ટુ વ્હીલરના ચાલકો માટે નો એન્ટ્રી કરી દેવામાં આવી છે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હજુ પણ ઉકેલાઈ નથી. દાયકાઓ જુની આ સમસ્યાને ડામવા કોર્પોરેશને ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરી છે. પરંતુ આ ઝુંબેશ પણ દબાણ હટવા જેવી નાટકીય પુરવાર થઈ છે. જેના લીધે સકટરોમાં રખડતા ઢોરનો અડ્ડો સ્થાનિકો માટે ત્રાસદાયી બન્યો છે. સેકટરોમાં આડેધડ પેવર બ્લોકનુ કામ હાથ ધરાયા બાદ વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો તેમજ યુટીલીટીઝ લાઈનનુ સમારકામ હાથ ધરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જયારે રખડતા ઢોરની સાથે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે સેકટરોના આંતરિક વિસ્તારમાં બેફામ બનતા બાઈક ચાલકો પણ સ્થાનિકો માટે ભયનુ કારણ બન્યા છે. સે-૧૩ સી ના વિસ્તારમાં સોસાયટીના રહીશોએ રખડતા ઢોરના ત્રાસથી કંટાળીને ફેન્સીંગ કરાવી દીધી છે. જેના લીધે સેકટરના ચોક્કસ પોકેટમાં જવા માટે સ્થાનિકોએ ગોળ ચક્કર લગાવનુ પડે છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ કોર્પોરેશને નવા દબાણો અસ્તિત્વમાં ન આવે અને સ્થાનિકોને રખડતા ઢોરના ત્રાસમાંથી મુકત કરવા નક્કર કાર્યવાહી કરે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## 'ગાંધી વિચાર'

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
માહિતી આપતા ઉમેર્યુ હતુ કે, આ અભિયાન ૫૬૦ ગાંધી વિચાર વિસ્તારકો થકી રાજ્યભરની એક હજાર શાળામાં હાથ ધરાશે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો દ્વારા જ આ મુહીમ ૨૬મી જાન્યુઆરીથી શરૂ થશે અને ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ સુધી એમ ૬ દિવસમાં દોઢ લાખ વિદ્યાર્થીઓ સાથે બાપુના જીવન અને મૂલ્યો વિષે સંવાદ કરવામાં આવશે.

"બાપુ સ્કૂલ મેં"ના લોગોનું અનાવરણ અને માહિતી પત્રિકાનું વિમોચન શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત તમામ જિલ્લામાં ગાંધી વિચારધારાના વિસ્તારક તરીકે જનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગાંધી વિચારની માહિતીપ્રદ કીટનું ટીમ લીડર્સને વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે "બાપુ સ્કૂલ મેં" અભિયાન હેઠળ કરવામાં આવનાર કામગીરી અને તેનો હેતુ ઉજાગર કરતી વિડીયો ડોક્યુમેન્ટરી રજુ કરવામાં આવી હતી.

આ પ્રસંગે આઈઆઈટીઈના ડાયરેક્ટર ડૉ. ટી.એસ. જોષી, આઈઆઈટીઈના ડીન ડૉ. કલ્પેશ પાઠક, રજિસ્ટ્રાર ડૉ.મધુસુદન મકવાણા, ટીમ લીડર્સ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## કંપની સમાચાર

### નવી પ્રીમિયમ હેચ-અલ્ટ્રોઝ સેફ્ટી, ડિઝાઈન, ટેકનોલોજી અને ડ્રાઈવિંગ એક્સપીરિયન્સમાં તેના ગોલ્ડ સ્ટાન્ડર્ડ સાથે સેગમેન્ટમાં

પ્રિમિયમ હેચબેક સેગમેન્ટમાં પ્રવેશ કરતાં ટાટા મોટર્સે આજે અલ્ટ્રોઝ લોન્ચ કરી હતી. અલ્ટ્રોઝ બધી ટાટા મોટર્સ અધિકૃત ડીલરશિપ્સમાં પાંચ ટ્રિમ લેવલ્સમાં મળશે, જેની આરંભિક કિંમત પેટ્રોલ વર્ઝન માટે રૂ. ૫.૨૯ લાખથી શરૂ થાય છે અને ડીઝલ વર્ઝન રૂ. ૬.૯૯ લાખથી શરૂ થાય છે.

નવા આલ્ફા આર્કિટેક્ચર પર વિકસિત આ પ્રથમ વાહન છે અને ઈમ્પેક્ટ ૨.૦ ડિઝાઈન લેન્ગ્વેજ દર્શાવતું બીજુ વાહન છે. આકર્ષક ડિઝાઈન, ઘણા બધા ઉદ્યોગમાં સૌ પ્રથમ ફીચર્સ અને ગ્લોબલ એનસીએપી ૫ સ્ટાર રેટિંગની હાલમાં જ મળેલી સિદ્ધિ સાથે તેણે સેફ્ટી, ડિઝાઈન, ડ્રાઈવિંગ ડાયનેમિક્સ, ટેકનોલોજી અને ગ્રાહક ખુશીમાં ગોલ્ડ સ્ટાન્ડર્ડ સ્થાપિત કર્યુ છે. ગ્રાહકોને રીઝવવા માટે સુસજ્જ અલ્ટ્રોઝ ૬ અલગ અલગ ફેક્ટરી (પિટેડ કસ્ટમાઈઝેબલ વિકલ્પોમાં આવે છે.

ટાટા મોટર્સના પેસેન્જર વેહિકલ્સ બિઝનેસ યુનિટ (પીવીબીયુ)ના પ્રેસિડેન્ટ મયંક પરીકે જણાવ્યુ હતુ કે અમારી પ્રીમિયમ હેચબેક ધ અલ્ટ્રોઝ લોન્ચ કરવાની ઘોષણા કરવાની અમને ખુશી થાય છે. અલ્ટ્રોઝ અમે ગૌરવ લઈ શકીએ તેવી પ્રોડક્ટ છે, કારણ કે તે દ્વિતીય ટાટા તેમજ ભારતીય કાર છે, જેને ૫ સ્ટાર ગ્લોબલ એનસીએપી રેટિંગ પ્રાપ્ત થયું છે. આ સીમાચિહ્નરૂપ પ્રોડક્ટ છે અને સેફ્ટી, ડિઝાઈન, ટેકનોલોજી, ડ્રાઈવિંગ ડાયનેમિક્સ અને ગ્રાહકની ખુશીમાં ગોલ્ડ સ્ટાન્ડર્ડનું ખરા અર્થમાં આલેખન કરે છે.